# 05

## સરકારી ભરતીના પેપરો ફુટવા બાબત

* 15/4/617 : **શ્રી જિગ્નેશ મેવાણી** (વડગામ) : પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૪/૦૨/૨૦૨૩ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૨૫૬ (અગ્રતા–૫૩) ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે :–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સરકાર / સરકારી એજન્સીઓ દ્વારા કરવામાં આવતી ભરતી પરીક્ષામાં પેપરલીક બાબતે નોંધાયેલ ત્રણ ગુનામાં ૨૦ ગુનેગારોને પકડવાના બાકી હતા તે પૈકી કેટલા ગુનેગારોને તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ પકડવામાં આવ્યા અને કેટલા ગુનેગારોને પકડવાના બાકી છે,

| પકડવામાં આવેલ ગુનેગારો | પકડવાના બાકી ગુનેગારો |
|---|---|
| ૧૨ | ૦૮(તે પૈકી બે ગુનેગારો સામેની એફ.આઇ.આર. નામ. કોર્ટે રદ કરેલ છે.) |

(૨) ઉક્ત બાકી ગુનેગારો કઇ ભરતી પરીક્ષાનું પેપર લીકના ગુનામાં સંડોવાયેલા છે, અને

(૨)
- ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આયોજીત, હેડ ક્લાર્કની પરીક્ષા.
- DGVCL ની વિધુત સહાયક (ઇલેક્ટ્રિકલ આસીસ્ટન્ટ) ની પરીક્ષા.
- ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આયોજીત સબ ઓડીટર / સબ એકાઉન્ટન્ટની પરીક્ષા.
- ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા આયોજીત જુનીયર ક્લાર્ક વહીવટ હિસાબ વર્ગ–૩ ની પરીક્ષા.

(૩) ઉક્ત બાકી ગુનેગારોને પકડવા માટે શા પગલાં લેવામાં આવ્યા ?

(૩) બાકી ઇસમોને પકડવા, મિત્ર વર્તુળ / સગા સંબંધીઓમાં તપાસ કરાવવામાં આવેલ છે, મોબાઇલ તેમજ ટેક્નિકલ સર્વેલન્સ આધારે આરોપીઓ વિશે માહિતી મેળવવાની કાર્યવાહી કરવામાં આવેલ છે તેમજ બાતમીદારો થકી આરોપીઓની તપાસ કરવામાં આવેલ છે.

---------